Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐

## Shri Atmanand Prakash

પુસ્તક ૫૧ મું. આત્મ સંવત ૨૦૧૦.

સં. ૫૮

અંક ૧૨ મો. પ્રકાશન તા. ૧૫-૬-૫૪ અશાડ

☆

Edited by

Shri Jain Atmanand Sabha
Bhavnagar

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી સીમંધરસ્વામીજીનું સ્તવન ... ... ... | ( મુનિરાજશ્રી દક્ષવિજયજી ) | ૧૭૭ |
| ૨. | ગુરુભક્તિ–પદ્ય ... ... ... ... ... | | ૧૭૭ |
| ૩. | અતીત ચોવીશીમધ્યે વીશમાં શ્રી ધર્મીશ્વરજિ૦ સ્તવન–સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૧૭૮ |
| ૪. | અલંકાર ચૂડામણિ, વિવેક ને સંકેત... ... | ( હીરાલાલ સ્વરૂપચંદ સુખડીયા ) | ૧૮૦ |
| ૫. | માનવ જીવનનો મર્મ ... ... ... ... | ( ભવાનભાઇ પ્રાગજી સંઘવી ) | ૧૮૩ |
| ૬. | નમિનાથ જિન સ્તવન ... ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૧૮૩ |
| ૭. | જમાનાની બલિહારી ... ... ... ... | ( મુનિશ્રી વિનયવિજયજી ) | ૧૮૪ |
| ૮. | અંતરના ચમકારા ... ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૧૮૫ |
| ૧૦. | વર્તમાન સમાચાર ... ... ... ... | ( સભા ) | ૧૮૭ |
| ૧૧. | સ્વીકાર સમાલોચના ... ... ... ... | ( સભા ) | ૧૮૮ |
| ૧૧. | વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... | ( સભા ) | |


## નમ્ર સુચના.

**બૃહતકલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલા ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અને બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાન ભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા ભાગો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે; જેથી જોવે તેમણે મંગાવવા નમ્ર સચના છે. કિંમત ૩–૪–૫ દરેક ભાગના દશ દશ રૂપીયા સારી અને છઠ્ઠા ભાગના સોળ રૂપીયા (પોસ્ટેજ જુદુ)

---

## શ્રી આત્માનંદપ્રકાશના માનવંતા ગ્રાહકોને

# ૫૧ મા વર્ષની ભેટ.

**આર્હત–ધર્મ પ્રકાશ** ( જૈનધર્મ ) લેખક શ્રી દક્ષિણદીપક પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન્ શિષ્ય શ્રી કીર્તિવિજયજી મહારાજ. જુદી જુદી પ્રકૃતિના પ્રાણીઓને અનુલક્ષી ઉન્નતિક્રમના વિવિધ સોપાન તરીકે જૈનધર્મનું સ્વરૂપ સંક્ષિપ્તમાં જણાવનાર ( જેવાકે સ્યાદ્વાદ, કર્મ, ઇશ્વર કર્ત્તા, આત્મા, ષડ્દ્રવ્ય, તપશ્ચર્યા વિગેરે ) સોળ વિષયોનો સરળ રીતે આ બુકમાં કર્ત્તા મુનિશ્રીએ જણાવેલા છે જે સૌ કોઇને ઉપયોગી થઇ પડે તેવો, જૈનધર્મના મર્મને સહેલાઇથી સમજી શકાય તેવો આ લઘુ ગ્રંથ છે. આ ગ્રંથની પાછળ પાશ્ચિમાત્ય અને આ ભારતના પ્રધાનો, ન્યાયમૂર્ત્તિઓ વગેરેના અભિપ્રાયો છે. તેમજ આ ગ્રંથની ગુજરાતી, હિન્દી, તામિલ અને ઇંગ્લીશ ભાષામાં વીશ હજાર કોપીઓ, પ્રકટ થયેલી, તે આ ગ્રંથ કેટલો ઉપયોગી છે તે તેનો ચોક્કસ પૂરાવો છે. ઉપરોક્ત અમારા સુજ્ઞ ગ્રાહકો ૫૧ મા વર્ષની ભેટ તરીકે શ્રાવણશુદ ૧ થી લવાજમના રૂ. ૩–૦–૦ તથા ભેટની બુકના પોસ્ટખર્ચના રૂ. ૦–૧૦–૦મળી રૂ. ૩–૧૦–૦ નું વી. પી. કરી મોકલવામાં આવશે જેથી અમારા માનવંતા ગ્રાહકો તે સ્વીકારી લઇ આભારી કરશે. બાર માસ સુધી માસિકના ગ્રાહક રહી વી. પી. નહિં સ્વીકારી પાછું નહિં વાળવા નમ્ર સૂચના છે; કારણ કે તેથી જ્ઞાનખાતાને નુકસાન થવાથી જ્ઞાનના દેવાદાર થવું પડે છે.

અગાઉથી લવાજમના રૂ. ૩–૦–૦ તથા બુકના પોસ્ટેજના રૂ. ૦–૧૦–૦ મળી રૂ. ૩–૧૦–૦ મોકલનારને વી. પી. કરવામાં આવશે નહિં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. પુસ્તક ૫૧ મું.

અશાડ–જુલાઈ

વિક્રમ સં. ૨૦૧૦. અંક ૧૨ મો.


## શ્રી સીમંધરસ્વામીજીનું સ્તવન

જિન સીમંધરા !, દાસ અરદાસ સુનૈયા,
ભગવાન્ ! મીલોને એક દફે મેરા સૈયા. [ ટેક ]
જિન સીમંધરા૦ [ ૧ ]
[ અંતરા– ]
મનવા ચહે મીલનકો, સીતા જ્યું રામકો;
નૈનાં ચહે દેખનકો, જ્યું ચકોર ચાંદકો.
અબ દર્શ દિખા, દુઃખ દહા, હર્ષ બઢૈયા;
ભગવાન્ ! મીલોને એક દફે મેરા સૈયા. જિન સી૦ [ ૨ ]
અવતાર પાસ તેરે, યાચું સદા સબેરે;
ઓ ! નાથ ! સલોને ! મીલોને નીર ખીર જ્યું.
**નેમિ-લાવણ્યસૂરિ દક્ષ** આશ પુરૈયા;
ભગવાન્ [૩] મીલોને એક દફે મેરા સૈયા. જિન સી૦ [ ૩ ]

**મુનિરાજશ્રી દક્ષવિજયજી**

---

## ગુરુભક્તિ પદ્ય*

( નયે ચાંદ હોગા )

ઊગ્યો સૂર્ય સોનાનો, ગગને શાસનના, જેના તેજ કિરણો પ્રકાશે જગતમાં,
જેની વાણી ગાજે, મેઘનાદ સરખી, ભવિ ચિત્તમાં તત્ત્વ અમૃત સિંચતી,
મોહત્યાગના ઘોષથી જગ ગજાવી, ગુરુ જ્ઞાની મહાધ્યાની નિરમાની સોહે,
ન્યાયાંભોનિધિ તત્ત્વદ્રષ્ટા સુમોહે, સપ્તભંગ સ્યાદ્વાદના છો પ્રકાશી,
ગુરુમુખ કમલે બ્રહ્મતેજ દીપે, સુધા શાંત રસની સરિતા સંયોગે,
તપત્યાગના ઓજસે મુગ્ધ કરતાં, ગુરુ દેશ દેશે વિહરી કષ્ટ સહતા,
મોહ તાપથી તપ્તને ઠારી દેતાં, નયવાદ ન્યાયવાદથી દીધાં આંજી.

* મુંબઇમાં ગત જેઠ શુદ ૮ ના રોજ જયંતિ ઉજવાઇ તે સમયે કરવામાં આવેલ ગુરુસ્તુતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે
# વીશમા શ્રી ધર્મીશ્વર જિન સ્તવન–સાર્થ

( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

**હું તો પ્રભુ વારિ છું તુમ મુખની, હું તો જિન બલિહારી તુમ મુખની;**
**સમતા અમૃતમય સુપ્રસનની, તરેય નહી રાગ રૂખની. ॥ હું ॥ ( ૧ )**

**સ્પષ્ટાર્થ :—** હે જિનેશ્વર ! તમારા મુખની હું વારી જાઉં–બલિહારી જાઉં છું એટલે હે જિનેશ્વર ! તમારા મુખકમલની જે વાણી વરસે છે તે સકલ જીવોના પાપ મેલને ધોવાવાળી છે. જીવો સ્વપર દ્રવ્ય અને ભાવ પ્રાણની હાનિ કરી વ્યવહાર અને નિશ્ચયથી સ્વપરસુખની હાનિ કરે છે, પણ પ્રભુજી માહણતાનો ઉપદેશ કરી સકલ જીવના દ્રવ્ય ભાવ પ્રાણની હાનિ થતી અટકાવે છે. તે દ્રવ્ય પ્રાણ–ઇંદ્રિયો ( ૫ ) બળ ( ૩ ) શ્વાસોશ્વાસ ( ૧ ) આયુષ્ય ( ૧ ) એમ મૂળ ચાર છે અને તેના ઉત્તરભેદ દશ છે, અને ભાવ પ્રાણ જ્ઞાન, દર્શન, ચરણ અને વીર્ય એ મુખ્ય ચાર છે, તેના ઉત્તરભેદ અનેક અથવા અનંત પણ છે. દ્રવ્ય પ્રાણે કરીને જીવ વ્યવહારિક સુખ ભોગવે છે અને તે દ્રવ્ય પ્રાણની હાનિ કરવાથી બે પ્રકારનું દુઃખ થાય છે. જેમ સ્પર્શઇંદ્રિયની હાનિ કરવાથી તે સ્પર્શઇંદ્રિયનું છેદન–ભેદન થાય, તેનું દુઃખ ઉપજે છે અને સ્પર્શઇંદ્રિયવડે જે જે સુખ લેતો ભોગવતો હોય તે સુખ જાય. તેનું દુઃખ પણ જીવ ભોગવે છે તેમજ રસનાઇંદ્રિયને છેદવાથી તે છેદન–ભેદનનું દુઃખ ઉપજે છે, એ રસનાએ કરીને વિવિધ પ્રકારના સ્વાદ લેતો હોય તે જાય. તેનું દુઃખ ઉપજે છે, એમજ પાંચે ઇંદ્રિયો સંબંધી પણ જાણવું. વળી કાયબળનો નાશ કરવાથી દુઃખ ઉપજે છે, અને કાયબળવડે જે સુખ લેતો હોય તે જાય તેનું દુઃખ થાય છે, એમ વચનબળમાં અને મનબળમાં પણ જાણવું. વળી શ્વાસોશ્વાસની હાનિ કરવાથી શ્વાસોશ્વાસ રોકાયાનું દુઃખ ઉપજે છે અને શ્વાસોશ્વાસવડે જે સુખ લેતો હતો તે સુખ જાય તેનું દુઃખ થાય છે અને આયુષ્યની હાનિ કરવાથી આયુષ્ય હાનિનું દુઃખ ઉપજે છે, અને આયુષ્યવડે જે સુખ લેતો હતો તે સુખ જાય તેનું દુઃખ ઉત્પન્ન થાય છે. એમ એ દશ દ્રવ્ય પ્રાણની હાનિથી વેદના–ભય–શોક–કષાયાદિ દુઃખ ઉપજે છે અને અવેદના, નિર્ભય, અશોક, અકષાય, સુખનાશ થાય તે દુઃખ ઉપજે છે. વળી એ દ્રવ્ય પ્રાણની હાનિ કરતાં જીવ એક એકથી વૈરવિરોધ બાંધી વૈરવિરોધની પરંપરા વધારી પ્રાયે અનંતકાલ સુધી દુઃખી થાય છે. વળી એ દ્રવ્યપ્રાણની હાનિ તે સ્વપર ભાવ પ્રાણની હાનિનું કારણ પણ થાય છે, તેથી જ્ઞાનાવરણાદિક આઠે કર્મ પોતે બાંધી અને બીજાને પણ કર્મબંધના કારણ થઇ અનંત કાળ સંસારમાં રૂલાવે છે. હવે ભાવ પ્રાણમાં અજ્ઞાન આદરી અજ્ઞાન પમાડી જૂઠા વિકલ્પો કરી–કરાવી પોતાના નિશ્ચય જ્ઞાન આનંદની હાનિ કરે છે અને બીજા જીવોની પણ નિશ્ચય જ્ઞાનાનંદની હાનિ કરાવે છે, એમ જ્ઞાનાનંદ નિશ્ચય સુખનો નાશ કરવો અને અજ્ઞાન દુઃખ ખડું કરવું એ પણ બન્ને પ્રકારે દુઃખ જાણવું. વળી અશુદ્ધ નિશ્ચય કહી પોતે મિથ્યાત્વ આદરીએ અને બીજાને મિથ્યાત્વનો આદર કરાવીએ તેથી સમ્યક્ભાવ નિશ્ચય સુખનો નાશ અને મિથ્યાત્વ ભાવ દુઃખની ઉત્પત્તિ એ પણ બન્ને પ્રકારનું દુઃખ જાણવું. વળી વિષય કષાયાચરણે શુદ્ધ સ્વભાવાચરણ સ્થિરતારૂપ નિશ્ચય સુખનો નાશ કરીએ અને એમ અન્ય જીવને પણ વિષય કષાયાચરણ કરાવી શુદ્ધ સ્વભાવાચરણ નિશ્ચય સુખનો નાશ કરાવીએ તો શુદ્ધ સ્વભાવાચરણ નિશ્ચય સુખનો નાશ અને વિષય કષાયાતુરતા દુઃખ–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગ્નિનું ઉપજવું થાય છે એ પણ બન્ને પ્રકારે દુઃખ જાણવું. વળી ભાવલબ્ધિ આત્મવીર્ય ચલાયમાન કરે, કરણઇંદ્રિયોમાં વીર્ય બલ બાધકભાવે ફેરવી અને બીજા પાસે ફેરવાવવાથી ભાવલબ્ધિ નિશ્ચય સુખનો નાશ અને કરણવીર્યવડે બાધકતાએ પ્રવર્તાવ્યે દુઃખનું ઉપજવું થાય છે એ પણ બન્ને પ્રકારે દુઃખ જાણવું એમ સ્વપર દ્રવ્ય-ભાવ પ્રાણની હાનિ તે સ્વપર જીવને અનેક સુખ નાશનું અને અનેક દુઃખ ઉત્પત્તિનું કારણ છે. વળી સ્વપર જીવને દુઃખ ઉપજાવવું તે જ્ઞાન નહીં અને સ્વપરસુખની હાનિ કરવી તે ન્યાય પણ નથી અને દયા પણ નથી, એમ જાણી અનંત જ્ઞાન, ન્યાય અને દયાવંત પ્રભુજી તમે માહણતાનો ઉપદેશ કર્યો તેથી તમારા મુખકમળની બલિહારી છે. તમારા સિવાય બૌદ્ધ-સાંખ્યાદિ અન્ય અનેક અશુદ્ધ અભિપ્રાયવાળા તેના જ કહેલા શાસ્ત્રોથી તે પોતે જ્ઞાન-ન્યાય-દયા રહિત જણાય છે; માટે હે પ્રભુજી! તમારા વચનની શોભા આગળ, સકલ કુમતિઓનું બલ હારી થાકી જાય છે. આ ભાવ અત્ર સંક્ષેપમાં લખ્યો છે પણ સિદ્ધાંતોમાં એ વિષે ઘણો અધિકાર છે તે સુજ્ઞ પુરુષો વિશેષથી વિચારી લેશે. તમારી વાણી સમતારૂપ અમૃતરસે ભરેલી છે. વળી ચિત્તને તથા આત્માને સુપ્રસન્ન કરવાવાળી અને અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય અગ્નિને બુઝાવવાવાળી અને શાંતિ આપવાવાળી છે. વળી રાગાદિ વિભાવના પક્ષ રહિત છે અને વિભાવના પક્ષથી પાછી વાળવાવાળી છે પણ વિભાવ સન્મુખ જવાવાળી નથી.૧.

**ભ્રમર અધર સિસ ધનુહર કમલદલ, કીર હીર પુન્યમ શશીની,**
**શોભા તુચ્છ પ્રભુ દેખત થાકી, કાયર હાથે જીમ અસિની. ॥ હું ॥ ૨.**

**સ્પષ્ટાર્થ:**—પ્રભુના ભ્રમર આદિકની શોભા દેખતાં કમલદલ, કીર, હીર, પુનમ શશિ આદિકની સર્વે શોભા તે તુચ્છ દેખાય છે. ઉપમેય આગળ જે જે ઉપમા કહી, તે સર્વે કાયર હાથે તરવાર સરીખી જાણવી. એટલે પ્રભુના રૂપને અન્ય ઉપમા સંભવે જ નહી માટે અનુપમ રૂપ છે. ૨.

**મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તુપ્તિ અમ્હચી,**
**મોહ તિમિર રવિ હરખ ચંદ્ર છબી, સુરત એ ઉપસમચી. ॥ હું ॥ ૩.**

**સ્પષ્ટાર્થ:**—હે મનને પ્રમોદ આપવાવાળા, તમારા સન્મુખ જોતાં અમારી આંખ તૃપ્તિ પામતી નથી એટલે વેગળી ખસવા ચાહતી નથી. વળી પ્રભુની છબી મોહ તિમિરને હરવા સૂર્ય સમાન અને હર્ષ ઉપજાવવાને પુનમના ચંદ્રમા સમાન ઉપશમ રસે ભરી ઉપશમ રસ વરસાવતી આનંદ આપનારી છે. ૩.

**મનની ચિંતા મહી પ્રભુ ધ્યાવત, મુખ દેખતાં તુમ જિનજી,**
**ઈંદ્રિ તૃષા ગઈ જિનેશ્વર સેવતાં, ગુણ ગાતા વચનની. ॥ હું ॥ ૪.**

**સ્પષ્ટાર્થ:**—પ્રભુના નિર્મલ જ્ઞાનાદિક ગુણ ધ્યાતાં અને પ્રભુમુખથી શુદ્ધ નય સ્યાદ્વાદ અમૃતમય વચન સાંભળી પ્રભુરૂપ દેખતાં, અમારું રૂપ સિદ્ધ સમાન જાણી મનની ચિંતા મટી ગઇ: જિનેશ્વર સેવતાં અને વચને કરી પ્રભુગુણ ગાતાં ઇંદ્રિય વિષયોની તૃષ્ણા શમી ગઇ. ૪.

**મીન ચકોર, મોર મતંગજ, જલ શશી-ઘન નીચ નથી,**
**તિમ મો પ્રતિ સાહિબ સુરતથી, ઓર ન ચાહું મનથી. ॥ હું ॥ ૫.**

**સ્પષ્ટાર્થ:**—માછલું જેમ પાણીથી, ચકોર પંખી ચંદ્રમા દેખીને, મોર મેઘ દેખીને અને હાથી તલાવ આદિ નીરવાલી ઊંડાણ જગ્યાથી જેમ મગ્ન રહે છે. તેમ મને સાહેબની સુરત દેખી પરમ આહ્લાદ ઉપજે છે તેથી પ્રભુની પ્રભુતા સિવાય હું અન્ય પદાર્થો કુદેવ, કુવચનાદિ ચાહતો નથી. ૫.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અલંકારચૂડામણિ, વિવેક અને સંકેત.

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ. )

[ ૧ ]

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **કાવ્યાનુશાસન** રચ્યું છે. એના ઉપર એમની સ્વોપજ્ઞ વૃત્તિ છે. એનું નામ **અલંકારચૂડામણિ** છે. એ બંનેને ઉદ્દેશીને આ સૂરિવરે **વિવેકની** રચના કરી છે.

**કાવ્યાનુશાસનના** પાંચમા અધ્યાયમાં શબ્દાલંકારોનું નિરૂપણ છે. એમાંનો એક અલંકાર તે 'ચિત્ર' છે. એના વિવિધ પ્રકારોનો ઉલ્લેખ ચોથા સૂત્રમાં કરાયો છે. એમાંનો એક પ્રકાર તે 'આકાર-ચિત્ર' છે. એ આપણા આ ભારતવર્ષની વિશિષ્ટતા હોય એમ લાગે છે, કેમકે વિદેશીય-યુરોપીયાદિ સાહિત્યમાં એને સ્થાન અપાયું હોય એમ જાણવા-જોવામાં નથી. આ અલંકાર માટે મેં 'લેટર-ડાએગ્રામ' ( letter-diagrm ) એવો શબ્દ-ગુચ્છ યોજ્યો છે. 'ચિત્ર' અલંકાર સાથે સંબદ્ધ 'આકાર' એટલે શું એ બાબત **અલંકારચૂડામણિ**( પૃ. ૩૧૩ )માં વિચારાઈ છે. ત્યાં કહ્યું છે કે 'આકાર' એટલે ખડ્ગ-બંધ, મુરજ-બંધ વગેરેની આકૃતિવિશેષમાં. આ બંને બંધોને અંગે એકેક ઉદાહરણ અહીં અપાયું છે. તેમાં ખડ્ગ-બંધને માટે રુદ્રટના **કાવ્યાલંકારના** પાંચમા અધ્યાયમાંથી નિમ્નલિખિત શ્લો. ૬-૭ અવતરણરૂપે અપાયા છેઃ—

" मारारिशक्ररामेभमुखैरासाररंहसा ।
सारारब्धस्तवानित्यं तदर्तिहरणक्षमा ॥ ६ ॥
माता नतानां सङ्घटः श्रियां बाधितसम्भ्रमा ।
मान्याऽथ सीमा रामाणां शं मे दिश्यादुमाऽऽदिजा ॥ ७ ॥ "

આ બે શ્લોકના વર્ણ કેવી રીતે ગોઠવાય તો ખડ્ગ યાને પ્રસ્તુતમાં બેધારી તરવારની આકૃતિ રચાય એ વાત વિસ્તારથી **અલંકારચૂડામણિ**( પૃ. ૩૧૪ )માં દર્શાવાઈ છે. તેમ કરાતી વેળા ખડ્ગના વિવિધ ભાગોનાં નામ અપાયાં છે. જેમકે ફૂલક, ગંડિકા, દ્રાટિકા, ફલ, મસ્તક અને શિખા.

રુદ્રટના **કાવ્યાલંકાર** ઉપર **નમિસાધુએ** વિ. સં. ૧૧૨૫ માં ટિપ્પણ રચ્યું છે. એમણે તો ખડ્ગનાં અવયવ તરીકે ફલ અને મુષ્ટિ એમ બે જ નામ ગણાવ્યાં છે. **સાહિત્યદર્પણની** ઇ. સ. ૧૯૧૫ ની 'નિર્ણયસાગર મુદ્રણાલય' તરફથી પ્રકાશિત ત્રીજી આવૃત્તિમાં આ ખડ્ગ વગેરેની આકૃતિ અપાઈ છે, જ્યારે "શ્રી મહાવીર જૈન વિદ્યાલય" તરફથી ઇ. સ. ૧૯૩૮ માં-ત્રેવીસ વર્ષ પછી

---

જ્ઞાનાનંદન જાયાનંદન, આસ દાસ નિયતની,
દેવચંદ્ર સેવનમેં અહનિશ, રમજ્યો પરિણતિ ચિતની. ॥ હું ॥ ૬.

**સ્પષ્ટાર્થઃ**—હે જ્ઞાનાનંદ દાતાર-જાયા માતાના નંદન ! જાયા માતાને આનંદ આપનાર ! દાસની નિશ્ચય શુદ્ધ સ્વરૂપની આશા પૂરો. દેવચંદ્રમુનિ કહે છે કે-તમારા ચિત્તની પરિણતિ પ્રભુ આજ્ઞા અને પ્રભુની સેવામાં અહર્નિશ રમજ્યો. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશિત સવૃત્તિક **કાવ્યાનુશાસન**માં આ ખડ્ગ, મુરજ કે અન્ય કોઈ બંધનું ચિત્ર જ અપાયું નથી. વિશેષમાં ફૂલક વગેરેની સમજુતી પણ અપાઈ નથી. આથી આ સંબંધમાં વિચાર કરતાં એમ જણાય છે કે 'ફલ' એ તરવારના પાનાનું દ્યોતન કરે છે, 'શિખા' એ એનો અણીદાર છેડો છે, અને ફૂલક, ગંડિકા, દ્રાટિકા અને મસ્તક એ મૂઠનાં અવયવો છે. તેમાં પણ મસ્તક એ મૂઠનો સૌથી ઉપરનો ભાગ છે. એની નીચેના ભાગ તે અનુક્રમે ફૂલક, ગંડિકા અને દ્રાટિકા છે. આ ત્રણનો ઉલ્લેખ હેમચન્દ્રસૂરિની સમયની પૂર્વે કોઇએ કર્યો હોય તો તે જાણવામાં નથી. અંગ્રેજીમાં પાનું અને મૂઠ એ બે માટે blade અને hilt એ શબ્દો છે, પરંતુ ફૂલક, ગંડિકા અને દ્રારિકા માટે કોઇ વિશિષ્ટ શબ્દ છે ખરા ? ગુજરાતીમાં પણ મૂઠનાં અવયવો ગણાવાતાં હોય અને તેનાં કોઇ ખાસ નામ હોય તો એ સૂચવવા તજ્જ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે,

'મુષ્ટિ' ને સંસ્કૃતમાં 'ત્સરુ' પણ કહે છે.

'મુરજ' માટે **અલંકારચૂડામણિ**( પૃ ૩૧૪ )માં નોણુના પુત્ર આનંદવર્ધને રચેલા **દેવીશતકનો** નિમ્ન લિખિત પંદરમો શ્લોક ઉધ્ધૃત કરાયો છેઃ—

**"या दमानवमानन्दपदमाननमानदा। दानमानक्षमा नित्यघनमानवमानिता ॥ १५ ॥"**

આ મુરજની અર્થાત્ એક પ્રકારના ઢોલની—મૃદંગની રચના કેમ કરવી તેની રીત **અલંકાર-ચૂડામણિ**( પૃ. ૩૧૪-૩૧૫ )માં દર્શાવાઇ છે.

**વિવેક**—( પૃ. ૩૨૧ )માં પદ્મ-બંધ માટે ઉદાહરણ કોઇક કૃતિમાંથી અપાયું છે. એને અંગેનું પદ્ય નીચે મુજબ છેઃ—

**"भासते प्रतिभासार ! रसाभाताहताविभा। भावितात्मा शुभा धारे देवाभा बत ते सभा ॥"**

આ પદ્ય પદ્માકારે કેવી રીતે ગોઠવવું તે પણ અહીં સમજાવાયું છે. તેમ કરતી વેળા કર્ણિકા, દિગ્દલ અને વિદિગ્દલ એ શબ્દો વપરાયા છે.

[ ૨ ]

મમ્મટે કાવ્યશાસ્ત્રનો વિષય કારિકામાં ચર્ચી એના ઉપર ગદ્યાત્મક વૃત્તિ રચી છે. આ સમગ્ર કૃતિનું નામ **કાવ્યપ્રકાશ** છે. એના ઉપર **માણિક્યચન્દ્રસૂરિએ સંકેત** નામની વૃત્તિ રચી છે. એ **સંકેત**ના પ્રારંભમાં બીજા પદ્યમાં એમણે **કાવ્યપ્રકાશ**ના વિશેષણ તરીકે "**सर्वालङ्कृतिमालभूषणमणौ**" એમ કહ્યું છે અને એ રીતે **કાવ્યપ્રકાશ**ની પ્રશંસા કરી છે. **સંકેત**ની રચના ક્યારે થઇ એ બાબત "**रसवक्त्र-ग्रहाधीश**" એવા શબ્દાંકનો એમણે પ્રયોગ કર્યો છે. ગ્રહાધીશ એટલે સૂર્ય. એની સંખ્યા વૈદિક હિંદુઓને મતે બારની છે. વક્ત્રથી એક, ચાર અને છ એમ ત્રણ અંકોનું અને 'રસ' થી છ અને નવ એ બે અંકોનું સૂચન થાય છે. આથી ઉપર્યુક્ત શબ્દાંકના નીચે મુજબ અર્થ થઇ શકે છેઃ—

**૧૨૧૬, ૧૨૧૯, ૧૨૪૬, ૧૨૪૯, ૧૨૭૬** અને **૧૨૭૯**.

વિ. સં. ૧૨૧૬ કે ૧૨૧૯ માં **સંકેત**ની રચના થઇ હોય એમ માનવા કેટલાક વિદ્વાનો ના પાડે છે. તેમને મતે મુખ્યતયા વિ. સં. ૧૨૪૬ ની સાલ સમુચિત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાવ્યપ્રકાશ**ના નવમા ઉલ્લાસનું નામ 'શબ્દાલંકારનિર્ણય' છે. એના ૮૫ મા પદ્યમાં 'ચિત્ર'નું લક્ષણ છે અને એની સ્વોપજ્ઞવૃત્તિમાં ખડ્ગ, મુરજ, પદ્મ એ ત્રણ આકૃતિનો સ્પષ્ટ નામોલ્લેખ છે. તેમજ એ ત્રણેને અંગે એકેક ઉદાહરણ પણ છે. ખડ્ગના ઉદાહરણ તરીકે **કાવ્યાલંકાર** (અ-૫)ના શ્લો. ૬-૭ ઉદ્ધૃત કરાયા છે કે જે હકીકત **અલંકારચૂડામણિ**માં પણ જોવાય છે. એવી રીતે પદ્મબંધ માટેનું ઉદાહરણ જે અહીં અપાયું છે તે જ **વિવેક**માં પણ છે. મુરજ-બંધ માટે તો નિમ્નલિખિત પદ્ય અપાયું છે:—

**"सरला बहुलारम्भतरलालिबलारवा । वारला बहुला मन्दकरला बहुलामला ॥"**

**સંકેતમાં કાવ્યપ્રકાશ**માં અપાયેલાં આ ત્રણે ઉદાહરણોની સ્પષ્ટતાનો વિચાર કરાયો છે. ખડ્ગ માટે "**द्राढिकान्तरे साधारणो मा-शब्दः**" થી માંડીને **सा-मा-माशब्दा द्विः पञ्चकृत्वो द्विशवृत्ताः** સુધીનું લખાણ છે. આ જ લખાણ અક્ષરશઃ **અલંકારચૂડામણિ**( પૃ. ૩૧૪ )માં પણ જોવાય છે. એવી રીતે મુરજ માટેનું "**पादचतुष्टेन**"થી શરૂ થતું અને "**चतुर्थः पादः**"થી પૂર્ણ થતું લખાણ જે **સંકેત**માં છે તે જ અક્ષરે અક્ષર **અલંકારચૂડામણિ**( પૃ. ૩૧૪-૩૧૫ )માં છે. વિશેષમાં પદ્મ માટેનું લખાણ જે "**मा-शब्दः कर्णिकास्थाने**" થી શરૂ થઇ "**द्विर्माशब्दस्य चाष्टकृत्व आवृत्तिः**"થી પૂરું થાય છે એ જ લખાણ **વિવેક**( પૃ. ૩૨૧ )માં નજરે પડે છે. ઉપર્યુક્ત વિદ્યાલયની આવૃત્તિમાં "**चाकृष्टतत्व**" એમ જે છપાયું છે તે અશુદ્ધ છે.

આમ **સંકેત**માંનું ત્રણ ત્રણ બંધોની સ્થાપનાને લગતું લખાણ હેમ કૃતિઓમાં અક્ષરશઃ જોવાય છે એથી તો હું આ લેખ લખવા પ્રેરાયો અને હવે એને અંગે હું ચાર પ્રશ્ન રજૂ કરું છું:

(૧-૩) શું હેમચન્દ્રસૂરિએ **સંકેત**માંથી આ લખાણ ઉદ્ધૃત કર્યું છે કે **સંકેત**માં એમની કૃતિમાંથી એ દાખલ કરાયું છે કે બંને સૂરિઓએ કોઈ પ્રાચીન કૃતિમાંથી એને પોતપોતાની કૃતિમાં સ્થાન આપ્યું છે?

જો પ્રથમ વિકલ્પ સ્વીકારાય તો **સંકેત**ની રચના વિ. સં. ૧૨૧૬ કે **૧૨૧૯** ની જ માનવી પડે.

(૪) **કાવ્યાનુશાસન સિદ્ધહેમચન્દ્ર** નામના શબ્દાનુશાસન પછી રચાયું છે. અને એ કુમારપાલ રાજા થયા તેવામાં રચાયાનું મનાય છે. આ હિસાબે આ **કાવ્યાનુશાસન** વિ. સં. ૧૨૦૫ થી ૧૨૧૦ ની આસપાસમાં રચાયેલું ગણાય, અને એના ઉપરની બંને વૃત્તિઓ ત્યારબાદ પાંચ સાત વર્ષમાં રચાયેલી મનાય. જો એમ જ હોય તો **સંકેત**ની રચના વિ. સં. ૧૨૧૬ની હોય તો પણ એ **અલંકારચૂડામણિ** અને **વિવેક** પછીની ગણાય. આથી એ પ્રશ્ન ઉદ્ભવે કે **સંકેત**માં **કાવ્યપ્રકાશ**ની પ્રશંસા ખૂબ છે તો હેમ **કાવ્યાનુશાસન** કે એ એની વૃત્તિઓની કેમ નથી? શું કુમારપાલ પછી હેમચન્દ્રસૂરિ વગેરેનો દ્વેષી અજયપાલ ગાદીએ આવતાં હેમ કૃતિઓ તરફ જાહેર રીતે સદ્ભાવ દાખવવામાં વિઘ્ન ઉપસ્થિત થયું હશે તેવી કોઇ પરિસ્થિતિને આ આભારી હશે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " માનવ જીવનનો મર્મ "

જીવનનો મર્મ શો ?

જીવનને ઢાલરૂપે ગણીએ તો તેને બે પાસા છે. એક પાસામાં ધર્મ અને બીજામાં કર્મ. એ ધર્મ અને કર્મ સાથે જ ચાલે છે, પરંતુ અહીં આપણે ધર્મ અને કર્મને બદલે લેવું અને દેવું પર્યાયરૂપે લઇએ તો પણ ચાલે. આપણે મનુષ્યો જ્યાં સુધી જીવનમાં માત્ર લેવાનો જ આદર્શ રાખીશું ત્યાંસુધી જીવનમાં ક્યાંયે પ્રકાશ દેખાશે નહિં. દિવો જો તેલનો સંગ્રહ કરવાની વૃત્તિ ધારણ કરીને બેસે તો સર્વત્ર અંધારું જ જણાય છે અર્થાત્ ક્યાંયે પ્રકાશ પડતો જણાતો નથી. એ રીતે જો આપણે (માનવી) ફકત સંગ્રહ વૃત્તિ જ રાખીશું તો જીવનનો પ્રકાશ ક્યાંય પણ દેખાશે નહિં. પણ જેમ એ દિવો તેલ આપવા માંડે છે અને દિવેટ દ્વારા બળવા માંડે છે ત્યારે જ સર્વત્ર પ્રકાશ પથરાઇ જાય છે. એ રીતે આપણે પોતે જાતે જલીને ય જીવનભર પરને પ્રકાશ આપીને આખરે જીવનનું છેલ્લામાં છેલ્લું ય પ્રકાશબિંદુ ખર્ચીને એ કલ્યાણના કાર્યમાં સંપૂર્ણ થઇશું એટલે એ જલતો દીપ છેલ્લે છેલ્લે પ્રકાશ આપીને બુઝાઇ જાય છે તેમ જીવન કર્તવ્ય પૂર્ણપણે બજાવીને હસતે મુખડે એ અનિવાર્ય મૃત્યુને (પ્રકાશ આપીને બુઝાઇ જઇશું) ભેટીશું ત્યારે જ જીવન સાથે મૃત્યુને પણ મંગળમય બનાવીશું. " મનુષ્ય જીવનનો સાચો મર્મ એ જ છે " એ વિષે કવિએ કહ્યું છે કે

**જબ તુમ આયો જગતમેં જગ્ હસે તુમ રોય, વૈસી કરની કર ચલો, તુમ હસે જગ રોય.**

**ભવાનભાઈ પ્રાગજી સંઘવી**

---

શ્રાવકના એકવીશ ગુણગર્ભિત.

## શ્રી નમિનાથ જિન સ્તવન.

( રાગઃ સુણો શાંતિ જિણંદ સોભાગી )

નમી નમિનાથ જિનેશ્વર, પરમાત્મ સર્વજ્ઞ પરમેશ્વર;
એકવીશ શ્રાવકના ગુણો, કહે નમિનાથ તે સુણો. નમિ૦ એ ટેક૦ ૧
અક્ષુદ્ર અને રૂપવાન, શાંત પ્રકૃતિ ને ગુણવાન;
લોકપ્રિય અને અક્રૂર, પાપભીરુ ને શઠતાથી દૂર. નમિ૦ ૨
દાક્ષિણ્યતા ને લજ્જાળુ, સર્વ જીવ ઉપર દયાળુ;
મધ્યસ્થ અને સૌમ્યદૃષ્ટિ, ગુણાનુરાગી થાય સૃષ્ટિ. નમિ૦ ૩
સત્કથા સદા કરનારો, સદાચાર સદા સેવનારો;
દીર્ઘદર્શી અને વિશેષજ્ઞ, વૃદ્ધાનુગામી ને કૃતજ્ઞ. નમિ૦ ૪
વિનયી પરને હિતકારી, લબ્ધ લક્ષ રાખે સુખકારી;
એમ એકવીશ ગુણોથી, શોભે શ્રાવક ધર્મ પ્રભાવથી. નમિ૦ ૫
બાર વ્રત શ્રાવકનાં પાળે, સાત વ્યસન સેવે ન કાળે;
દેવ ગુરુ ધર્મનો રસીયો, સંસારે નિર્લેપ વસીયો. નમિ૦ ૬
દાન શિયળ તપ ને ભાવ, વધારે જિનધર્મ પ્રભાવ;
ન્યાય નીતિના પંથે ચાલે, નહિ ફસાય સંસાર જાળે. નમિ૦ ૭
મુનિપણાની ભાવના ભાવે, સતશાસ્ત્રોને મિત્ર બનાવે;
સતસંગનો રંગ મીલાવે, 'અમર' શાંતિ જીવન ફેલાવે. નમિ૦ ૮

**અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જમાનાની બલિહારી

સાહિત્યપ્રેમી કવિ વિનયવિજયજી–નરોડા

( કાચબો કાચબી જળમાં રહેતાં, ભક્તિ કરતાં નેક—એ રાગ. )

જમાનો આવ્યો બહુ ભારી રે, જમાનાની છે બલિહારી. ( ટેક )
ચઢ્યો ચગડોળે સાગર જાણે, મૂકી દીધી મરિયાદ,
ફરી વળ્યાં મોજાં ધરતી ઉપર, સાંભળે કોણ ફરિયાદ ?;
થઈ એથી ખુવારી રે, જમાનાની છે બલિહારી. ( ૧ )

માનવ ભૂલ્યાં ભાન પોતાનું, મૂકયાં નીતિ ને ન્યાય,
ધર્મ ગયો ઢોલ વાગતો જાણે, સૂરજ ઝાંખો જણાય;
છુપાઈ છે રાત અંધારી રે, જમાનાની છે બલિહારી. ( ૨ )

સ્વાર્થ આંધી ફેલાણી, સૂઝે ના સત્ય અસત્ય,
મોહ–મમતાનું જોર વધ્યું ને, ગુમાવી દીધી પત્ય;
નીતિ–રીતિ સારી વિસારી રે, જમાનાની છે બલિહારી. ( ૩ )

યુવક યુવતી મોજ મજામાં, બની ગયા મસ્તાન,
વિનય વિવેક કોરે મૂકયા ને, કરતાં મળી ગુલતાન;
બન્યાં મતિએ અવિચારી રે, જમાનાની છે બલિહારી. ( ૪ )

માતપિતાની આજ્ઞા ન માને, ન માને શાસ્ત્રોનાં કહેણ,
કડવાં લાગે શિખામણનાં, કોઈ કહે તો વેણ;
બુદ્ધિ ગઈ બહેર મારી રે, જમાનાની છે બલિહારી. ( ૫ )

જૂનો જમાનો વહી ગયો ને, કાળ આવ્યો વિપરીત,
સાંભળતાં અતિ અચરજ થાવે, રહી ન કોની પતીજ;
સુણો દશા એ નરનારી રે, જમાનાની છે બલિહારી. ( ૬ )

ધોતી ને પોતી ફેંકી દીધાં, વધ્યો પાટલુન શોખ,
પાઘડી ફેંટા મૂકયા કોરાણે, જાણી બંધનના ગોખ;
ભારરૂપ મસ્તક ધારી રે, જમાનાની છે બલિહારી. ( ૭ )

ઉઘાડાં માથે ફરતા ફરે ને, સહન કરે ટાઢ તાપ,
દેખાય નારી જેમ મૂછો મુંડાવી, લાગે મૂછોથી પાપ;
મસ્તકે વાળ વધારી રે, જમાનાની છે બલિહારી. ( ૮ )

નરનારીનો ભેદ વિસાર્યો, જાણે હિંમતબાજ,
કુળની માઝા મૂકી દીધી ને, ગુમાવી બેઠા લાજ;
**વિનય** કહે વાત વિચારી રે, જમાનાની છે બલિહારી. ( ૯ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતરના ચમકારા

લેખક:—અમરચંદ માવજી શાહ

૧ ૐ પરમ યોગીન્દ્ર ભગવાન પાર્શ્વનાથના પ્રેમમય આત્મસાગરમાંથી ૐકારના યંત્રવડે આનંદમય શાંત સુધારસ મળ્યા કરે અને તેવા પ્રેમપાત્રવડે ૐ શાંતિમય પાન કરી તૃપ્તિ કરી ચિદાનંદ અનુભવીએ.

૨ મરણના મુખમાં પડેલા ઓ માનવ! હજુ તારે કેટલું અભિમાન કરવું છે? કેટલી પાપ પ્રવૃત્તિઓ પોષવી છે? કેમ સમજતો નથી? આજે નહિં સમજે તો અંતકાળે તારે પશ્ચાત્તાપનાં પૂર વહાવી તેમાં તણાઇ જ જવાનું છે હો!

૩ તું શું એમ સમજે છે કે, હરહંમેશ તારી આ ને આ જ સ્થિતિ રહેવાની છે? નહિં. ગઇકાલે તું બાળક હતો, આજે યુવાનીના મદમાં છો, આવતી કાલે વૃદ્ધાવસ્થાની પરાધીનતામાં પીડાતો તું જગતનો ઓસીયાળો થઇશ માટે તું સમજ અને પ્રમાદનો ત્યાગ કર!

૪ તારું નસીબ તેં જ ઘડેલું તારા ખાતે જમા પડ્યું છે. તેમાંથી પ્રત્યેક ક્ષણે સમયે સમયે તે ઉધરી રહ્યું છે. તેમાં તારા કર્તવ્યની છાંયા ઝળકે છે. તારા શુભાશુભ કર્મનું શાતા–અશાતારૂપે વેદન થઇ રહ્યું છે, તેમાં તું સુખ–દુઃખ માની હર્ષ–શોક કરી રહ્યો છે, તો હવે તારું ભાગ્ય તું તારા કર્મોવડે એવું જ કાં ઘડતો નથી કે જેથી સુખ જ સુખ થાય.

૫ તને દુઃખ ગમતું નથી તો બીજાને દુઃખ કાં આપે છે? તને તારી નિંદા ગમતી નથી તો બીજાની નિંદા કાં કરી રહ્યો છે? તને સુખ ગમે છે તો બીજાના સુખની તને કાં ઇર્ષા આવે છે? તું જેવા ભાવે વર્તીશ તેવા ભાગ્યનો તું સર્જક બનીશ.

૬ તું શા માટે ચિંતા કરે છે? તારે ચિંતા કરવાની જરૂર શું છે? તું જન્મ્યો ત્યારે તારે કયાં ચિંતા હતી? કે મારા પોષણ માટે શું વ્યવસ્થા થશે? એ તો માતાના સ્તનો તારા જન્મ સાથે જ દૂધથી છલકાઇ ગયા હતા, તો હવે એટલો વિશ્વાસ રાખ કે તારું જીવન એ જ રીતે તારા કર્મ અનુસાર ચાલવાનું છે. પુરુષાર્થ કર.

૭ તું શું ધારે છે અને શું થાય છે? તારી ગણત્રીનો આંકડો કેમ ખોટો પડે છે? પણ તારે સમજવું જોઇએ કે એ તારા હાથની વાત જ કયાં છે? જે થાય છે, જે થયું, જે થશે એ બધું ભલે તારી ધારણા મુજબ હોય કે તેની વિરુદ્ધ હોય છતાં એ બધું યોગ્ય જ થતું હશે એમ સમજીને શાંતિ રાખ.

૮ તું એમ કેમ માની રહ્યો છે કે, આ મારું અહિત કરવા આવ્યો છે? તારો વિનાશ કે અહિત કરવાની તેની તાકાત શું છે? તારું અહિતને બદલે હિત કરવા આવ્યો હોય એમ પણ કાં ન બને? કદાચ અહિત પણ હિત માટે કાં ન થતું હોય? તને એ નિમિત્ત સુખદ હો કે દુઃખદ હો તેની કાંઇ ચિંતા તારે કરવાની નથી. તું હિતબુદ્ધિ રાખ.

૯ તું મુંઝાય છે શા માટે? મુંઝાવાથી તારી મુંઝવણ વધશે કે ઘટશે? તેનો વિચાર કર, મનને પવનનું દબાણ વધતાં તારી શારીરિક માનસિક શક્તિઓ ક્ષીણ થશે; માટે શાંત થા. જે કંઇ વિપત્તિઓ છે, તારા કર્મના ઉદયની છે તેને તું સમભાવે વેદી તેનાથી મુક્ત થા. ગભરા મા! તું સંપત્તિનો પણ સ્વામી છો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ તું નીતિથી વર્ત, બીજા ભલે અનીતિ કરે. તું ન્યાયદષ્ટિ રાખ, બીજા ભલે તને અન્યાય કરે. તું વિવેક રાખ, બીજા ભલે અવિવેકથી તારી સાથે વર્તે. તું સત્ય શીલવાન બન, બીજા ભલે તારી ઉપર આક્ષેપો કરે. તું પવિત્ર રહે એટલે તારી વિરુદ્ધ ગમે તેટલો પ્રચાર વિરોધીઓ કરશે છતાં પરિણામ તારા હિત અને લાભમાં જ છે.

૧૧ સૌ પોતાનો સ્વાર્થ અને સગવડ, માન અને મહત્તા દરેક પ્રવૃત્તિમાં શોધે છે. નિઃસ્વાર્થ ભાવે કર્તવ્ય કરનારા વિરલ છે. તારે પરમાર્થ સાધવો હોય તો માન કે અપમાન, સગવડ કે અગવડનો ખ્યાલ તજી હિતબુદ્ધિથી પરોપકાર કરવાની ભાવનાથી તારું કર્તવ્ય કર્યે જા. યશ કે અપયશનો પડછાયો જોવા ઊભો ન રહે.

૧૨ મોતીનું પાણી ઉતરી ગયા પહેલાં ફૂટી જાય તો તેની કીંમત જળવાઇ રહે, પુષ્પ ચીમળાઇ ગયા પહેલા ચુંટાઈ જાય તો તેની સૌરભ પ્રસરે, લાગણીનું ઝરણું સુકાઈ ગયા પહેલાં વહી જાય તો તૃપ્તિકર બને, સ્વમાનશીલતાથી સેવકપદ સચવાઇ રહે તો તેનો કર્તવ્યનો નાદ ગુંજતો રહે. ભાવનાથી ભ્રષ્ટ થઇ શુષ્કતા છવાઈ જાય તે કરતાં નષ્ટ થવું ઈષ્ટ છે.

૧૩ ધારેલી ધારણાઓ જ જો સફળ થતી હોય તો અણધારી આફતો અટકાવી શકાવાની પણ શક્તિ હોવી જોઇએ. પણ તેમ તો બનતું નથી. એટલે જ ધારણાનો ધોખો કરવો વ્યર્થ છે.

૧૪ વિકલ્પો કરીએ તો વેદનાનો પાર નથી અને નિર્વિકલ્પ રહીએ તો શાંતિ છે. આ બધી નાટ્યલીલામાં નટરૂપે નહિં પણ દૃષ્ટારૂપે રહો તો અખંડ આનંદ પ્રાપ્ત થાય.

૧૫ આ હું કરું છું એમ સાંભરી ગયું ત્યાં અહંકારની ખાઈમાં ગોથું ખાઇ ગયો. કર્તવ્ય મૂકી ગયો અને નિષ્ફળતામાં ગબડી પડયો.

૧૬ આ મેં કર્યું એમ કહેવા ઊભો રહ્યો ત્યાં અહંકારનું અંધારું પ્રસરી ગયું. કર્તવ્ય પંથ ભૂલી ગયો અને દેહાધ્યાસમાં અટવાઇ ગયો.

૧૭ જગતનાં જીવોનું અજ્ઞાન દૂર કરવાનો ઇજારો લઇએ પણ આપણી અંતર ગુફામાં અંધકાર હોય ત્યાં જીવોનો અંધકાર કયાંથી દૂર થાય? પ્રથમ જ્ઞાનરૂપી દીપક અંતરને આંગણે પ્રગટાવ.

૧૮ ખોટાઓ પાસેથી કામ લેવું તેમાં ખેંચાવું જ પડે. વેઠની પેઠે કામ કરનાર પાસેથી દીલની દિવ્યતા કયાંથી લાવવી? ભક્તિ અને ભાવનાશીલતા વચ્ચે આટલો મોટો ફરક છે.

૧૯ પાપ કરનાર કહે છે કે હું ખાટી ગયો. ના–ના એ ખાટી ગયો નથી પણ હારી ગયો છે. એનો અનુભવ તો ભોગવવા વખતે જ થશે.

૨૦ સમાધાન માટે સ્યાદ્વાદ છે, આત્મધ્યાન માટે અધ્યાત્મ છે, જ્યાં વાદ નથી ત્યાં સ્વાદ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં ધ્યાન છે. અહિંસા આત્માનું બળ છે, સંયમ મનનું બળ છે, તપ કાયાનું બળ છે. ત્રિયોગ બુદ્ધિથી સિદ્ધિ છે.

---

**સુધારો**—ગતાંક પૃષ્ઠ ૧૬૩માં ૨૫મી પંક્તિમાં "વાદિવેતાલશાન્તિસૂરિકૃત ભાગ ૨" એમ જે છપાયું છે તેને બદલે "ઉપાધ્યાયજી ભાવવિજયગણિકૃત પૂર્વ ભાગ" એમ વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર-સમાલોચના

**૧ લાટનો દંડનાયક**—લેખક ધીરજલાલ ધનજીભાઈ શાહ, પ્રકાશક-ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય-ગાંધી રસ્તા અમદાવાદ. કિંમત સાડાત્રણ રૂપીયા.

હાલમાં ઐતિહાસિક નવલકથા જે પ્રસિદ્ધ થાય છે તેમાં આ ગ્રંથના લેખક શ્રી ધીરજલાલ ધનજીભાઇનું નોંધપાત્ર સ્થાન છે. આ નવલકથામાં સોલંકીયુગને લેખકે સ્થાન આપ્યું છે. વસ્તુની ગૂંથણી એવી કરી છે કે વાચકને રસ ઉત્પન્ન થાય છે. આ તેની બીજી આવૃત્તિ તે જ તેની પ્રસિદ્ધિ છે. ઐતિહાસિક કથાને જોઇએ તેવી રીતે આલેખી છે.

**૨ વીરધર્મકી કહાનીયાં**—લેખક જયભિકખુ. પ્રકાશક-ગૂર્જરગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ. કિંમત બે રૂપીયા. વીરધર્મની વાતો નામના કથાસંગ્રહ જેના ચાર ભાગ પ્રકટ થયેલા છે તેમાંના પ્રથમ ભાગની ૧૪ કથાઓ હિંદીભાષાનો અનુવાદ આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે, જેથી હિંદીભાષાના જાણકારોને પ્રેમપાત્ર થશે. ઘણી નવલકથાઓ તથા ઉપન્યાસ ગુજરાતીભાષામાં આ ગ્રંથના વિદ્વાન લેખકે લખેલા લોકપ્રિય થઇ પડ્યા છે તેમ આ હિંદીભાષામાં પ્રકટ થએલી ચૌદ કથાઓ પણ તેટલી જ રસમય સુંદર શૈલી યુક્ત છે.

**૩ એ તારા જ પ્રતાપે**—લેખક પંન્યાસજી શ્રી સુશીલવિજયજીગણિ. કર્મ આત્માને અનેક રીતે નચવે છે, ચડાવે છે, ભમાવે છે, અનેક ગતિમાં પરિભ્રમણ કરાવે છે; તેનું સ્વરૂપ આગમોમાં અનેક સ્થળોએ છે છતાં તેનું દોહન કરી ( સંસારમાં અટવાતા આત્માને ખરેખરા આશ્વાસન રૂપ ) સંક્ષિપ્તમાં સારરૂપ અને પ્રેરક, માર્ગદર્શક અનેક હકીકતો દૃષ્ટાંતો સાથે બસેંહની સંખ્યામાં શાસ્ત્રાવગાહન અને વિદ્વત્તાપૂર્ણ રીતે આ ગ્રંથમાં આપેલ છે તેના નિત્યના પઠન, પાઠનથી જનકલ્યાણ માટે ઉપકારક અને તત્ત્વજ્ઞાન સાહિત્યની વૃદ્ધિ કરી છે. દરેક મનુષ્યે અવશ્ય વાંચવા મનન કરવાથી આત્માને શાંતિ પમાડે છે. પ્રકાશક ડો. એલ. એચ. લાલન. તંત્રી પુના સમાચાર. મૂલ્ય છ આના.

૪ **શ્રી गौतमस्वाम्यष्टकम् प्राचीन**—તેના ઉપર પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ૦ પં. શ્રી સુશીલવિજયજી ગણિવરે સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. વૃત્તિ વાંચતા સંપાદક મુનિવરશ્રીની સંસ્કૃત ભાષા પણ અનુપમ છે. આ ગ્રંથમાં વૃત્તિ સાથે મંગલકારી સ્તુતિઓ, શ્રી ગૌતમસ્વામીના જીવનની નોંધ, શ્રી ગૌતમસ્વામી મંત્રાધિરાજ સ્તોત્ર, અષ્ટક, ગૌતમસ્તવ-વિંશિકા, વિનંતિ, સંસ્કૃત છંદ, ચૈત્યવંદન, સ્તુતિ, બે સ્તવનો, રાસ, સજ્ઝાય, ધૂન વગેરે ગૌતમસ્વામીને લગતા આ બધા વિષયો સંશોધન કરી શુદ્ધ રીતે આખો ગ્રંથ ગૌતમસ્વામીની ભક્તિ માટે જ તૈયાર કર્યો છે. વળી પૂજ્ય શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની સ્તુત્યષ્ટક આપી ભક્તિ માટે કલશ ચડાવ્યો છે. શ્રી ગૌતમસ્વામીની ભક્તિ માટે આ આખી કૃતિ દરરોજ સ્મરણ કરવા લાયક છે. બાલજીવોને ઉપયોગી થાય માટે ગુજરાતી ભાષામાં પણ કેટલોક વિભાગ છે. સંપાદક પૂજ્ય મુનિરાજશ્રી વિદ્વાન છે. ૧૬ ગ્રંથોની રચના અને ચાર ગ્રંથો સંપાદિત કરેલા છે તે પાછળ વાંચવાથી જણાય છે. પ્રકાશક શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર-બોટાદ ( સૌરાષ્ટ્ર ) કિંમત એક રૂપીયો.

## શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ ( સંવત ૨૦૧૧ )

કર્તા પૂજ્ય પંન્યાસજી શ્રી વિકાસવિજયજી મહારાજ. જૈનદર્શનની પ્રતિષ્ઠા, ભાગવતી દીક્ષા, પર્વતીથી આરાધન વગેરે માંગલિક કાર્યો માટે શુદ્ધ અને સત્ય ગણિતવાળું એક પણ પંચાંગ નહોતું પરંતુ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારથી પંન્યાસજી મહારાજે જ્યોતિષનો અભ્યાસ કરી નિષ્ણાત થયા પછી આ પંચાંગ તૈયાર કરી જૈનસમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે, અને તેથી ધાર્મિક કાર્યો અને તેના વિધિવિધાન શુદ્ધ મુહૂર્ત-પૂર્વક થવા લાગ્યા છે. આકાશના પ્રત્યક્ષ સાથે મેળ મળી રહે તેવી રીતે સૂક્ષ્મ ગણિતવડે આ પંચાંગ તૈયાર કરવામાં આવેલું છે. અત્યાર સુધી કોઇ પણ જ્યોતિષ શાસ્ત્રીઓએ પણ ભૂલભરેલું જણાવેલું નહિં હોવાથી જ તે શુદ્ધ સત્ય છે, તે વડે થતાં ધાર્મિક વિધાનો સફળ અને કલ્યાણકારી નિવડે તે સ્વાભાવિક છે. આ પંચાંગ માટે અનેક વિદ્વાનો, જ્યોતિષ–શાસ્ત્રનિષ્ણાતોએ તથા સંસ્થાઓએ સુંદર અભિપ્રાય આપેલ છે. પૂજ્ય મહાન પુરુષ યુગવીર આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરિજીએ " તો ધાર્મિક કાર્યોના મુહૂર્તાદિનો સમય બરાબર જાળવવા ઐકય સાધવા અને દરેક તહેવારો બધાએ સાથે મળીને ઉજવણી કરવી હોય તો દરેક ફીરકાના જૈનોએ આ પંચાંગને માન્ય રાખવું જોઇએ " એવો અભિપ્રાય આપ્યો છે જે અમોને આવશ્યક લાગે છે. વગેરે કારણોથી આ પંચાંગને શુદ્ધ અને સત્ય તરીકે આવકારીએ છીએ. અમારે ત્યાં મળશે. કિંમત આઠ આના. પોસ્ટેજ જુદું. કૃપાળુ પંન્યાસજી મહારાજ આવી રીતે અનેક સુંદર મહત્વ અને અનુભવપૂર્ણ કૃતિઓ રચી જનસમાજ ઉપર વિશેષ ઉપકાર કરી સુંદર સાહિત્યની વૃદ્ધિ કરતા રહે.

---

# વર્તમાન સમાચાર

**દીક્ષા મહોત્સવ.** યુગવીર આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં થુભાનિવાસી શ્રી પ્રતાપમલજી તથા વાંકાનેરનિવાસી શ્રી હિંમતલાલ વનેચંદનો દીક્ષા મહોત્સવ લાલબાગ ભૂલેશ્વર જૈન ઉપાશ્રયમાં તા. ૧૨–૬–૫૪ શનિવારે નવ વાગે ઉજવાયો હતો.

આ પ્રસંગે આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ તથા ઉપાધ્યાયજી શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ, પંન્યાસજી શ્રી વિકાસવિજયજી મહારાજ, ખરતરગચ્છીય ઉપાધ્યાયજી શ્રી વિનયસાગરજી મહારાજ, મુનિ શ્રી ગુલાબમુનિજી આદિ મુનિવરો હાજર હતા.

વરઘોડો આઠ વાગે લાલબાગ આવી પહોંચ્યો હતો. બાદ દીક્ષાની ક્રિયા શરૂ થઇ હતી..

દીક્ષાર્થી શ્રી પ્રતાપમલજીભાઇનું નામ ઓમકારવિજયજી રાખીને મુનિ શ્રી ઇન્દ્રવિજયજી મહારાજના શિષ્ય તરીકે અને શ્રી હિંમતલાલભાઇનું નામ મુનિ શ્રી વિજ્ઞાનવિજયજી રાખીને પંન્યાસજી શ્રી વિકાસ-વિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા.

**એલીસબ્રીજ**—અમદાવાદની જૈન સોસાયટીની વિનંતીથી પંન્યાસજી નેમવિજયજી મહારાજ, આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, પં. ચંદનવિજયજી, શ્રીનયભદ્રવિજયજી ઠાણા ૭ જેઠ વદી ૮ના રોજ ચાતુર્માસ માટે એલીસબ્રીજ પધાર્યા છે, અને પૂજ્ય આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ દરરોજ વ્યાખ્યાન વાંચે છે. જરૂર હોય તેમણે ઉપરોક્ત સ્થળે પત્રવ્યવહાર કરવો.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૫૧ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૫૩-૫૪

સંવત ૨૦૦૯/૧૦



: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

( પુસ્તક ૫૧ મું )

( સં. ૨૦૦૯ ના શ્રાવણ માસથી સં. ૨૦૧૦ ના અશાડ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા.

卐

### ૧. પદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી મુનિસુવ્રત જિન સ્તવન | ( જવાનમલ ફુલચંદજી ) | ૧ |
| ૨ | અતીત ચોવીશી મધ્યે નવમા શ્રી દામોદર જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૯ |
| ૩ | દીક્ષા ગીત | ( મુનિશ્રી દક્ષવિજયજી ) | ૧૩ |
| ૪ | શ્રી મહાવીર જિનસ્તુતિ | ( સંઘવી ભવાનભાઇ પ્રાગજી ) | ૧૪ |
| ૫ | ક્ષમાની સાધના | ( મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી ) | ૧૭ |
| ૬ | અતીત ચોવીશી મધ્યે દશમા શ્રી સુતેજ જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) | ૨૨ |
| ૭ | શ્રી સુમતિનાથ જિન સ્તવન-સાર્થ | ( પં. રામવિજયજી ગણિવર્ય ) | ૨૬ |
| ૮ | શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન | ( મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૩૩ |
| ૯ | અતીત ચોવીશી મધ્યે અગિયારમા શ્રી સ્વામીપ્રભ જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૩૪ |
| ૧૦ | સામાન્ય જિન સ્તવન | ( મુનિરાજ શ્રી દક્ષવિજયજી ) | ૪૯ |
| ૧૧ | અતીત ચોવીશી મધ્યે બારમા શ્રી મુનિસુવ્રત જિન સ્તવન સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૫૦ |
| ૧૨ | શ્રી સ્થંભન પાર્શ્વનાથ જિન સ્તવન | ( પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) | ૫૭ |
| ૧૩ | છઠ્ઠા શ્રી પદ્મપ્રભુજીનું સ્તવન સાર્થ | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૫૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૧૪ શ્રી સામાન્ય જિન સ્તવન | (પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ) | ૬૫ |
| ૧૫ અતીત ચોવીશી મધ્યે તેરમા શ્રી સુમતિ–જિન સ્તવન–સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૬૬ |
| ૧૬ શ્રી આદીશ્વર ભગવાનનું સ્તવન | ( મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી ) | ૮૧ |
| ૧૭ અતીત ચોવીશી મધ્યે ચૌદમા શ્રી શિવગતિ જિન સ્તવન સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૮૨ |
| ૧૮ સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિનસ્તવન-સાર્થ | ( પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) | ૮૪ |
| ૧૯ અભિનવ જિન સ્તવન | ( પ્રો. જયંતિલાલ ભાઈશંકર દવે ) | ૯૦ |
| ૨૦ સાચાદેવ શ્રી સુમતિનાથ જિન સ્તવન | ( અમરચંદ માવજી શાહ ) | ૯૭ |
| ૨૧ અતીત ચોવીશી મધ્યે પંદરમા શ્રી આસ્તાગ જિન સ્તવન–સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૯૯ |
| ૨૨ શ્રી આઠમા ચંદ્રપ્રભસ્વામીનું સ્તવન–સાર્થ | ( પં. રામવિજયજી ગણિવર્ય ) | ૧૦૩ |
| ૨૩ સામાન્ય જિન સ્તવન | ( પં. દક્ષવિજયજી ) | ૧૧૩ |
| ૨૪ સામાન્ય જિન પ્રાર્થના–સ્તવન | ( ,, ) | ૧૧૩ |
| ૨૫ અતીત ચોવીશી મધ્યે સોળમા શ્રી નેમી-શ્વરસ્વામી જિન સ્તવન | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૧૪ |
| ૨૬ સોળ સતીનો છંદ | ( શ્રી હીરાલાલ ર. કાપડીયા ) | ૧૧૬ |
| ૨૭ શ્રી અજારા પાર્શ્વનાથનું સ્તવન | ( મુનિશ્રી સુશીલવિજયજી ) | ૧૨૯ |
| ૨૮ અતીત ચોવીશી મધ્યે સત્તરમા શ્રીઅનીલ જિન સ્તવન સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૩૦ |
| ૨૯ શ્રી નવમા સુવિધિનાથ જિન સ્તવન સાર્થ | ( પં. રામવિજયજી ગણિવર્ય ) | ૧૩૩ |
| ૩૦ સામાન્ય જિન સ્તવન | ( પં. શ્રી દક્ષવિજયજી મહારાજ ) | ૧૪૫ |
| ૩૧ પ્રભુપ્રેમ | ( અમરચંદ માવજી શાહ ) | ૧૪૬ |
| ૩૨ અતીત ચોવીશી મધ્યે અઢારમા શ્રીજશોધર જિનરાજનું સ્તવન–સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૪૭ |
| ૩૩ આધ્યાત્મિક સ્તવન | ( મુનિરાજશ્રી દક્ષવિજયજી ) | ૧૬૩ |
| ૩૪ અતીત ચોવીશી મધ્યે ઓગણીશમા શ્રીકૃતાર્થ જિન સ્તવન સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૬૫ |
| ૩૫ શ્રી દશમા શીતળનાથ જિન સ્તવન સાર્થ | ( પં. શ્રી રામવિજય ગણિવર્ય ) | ૧૬૬ |
| ૩૬ સમતા : એક અણમોલ રત્ન | ( સં. અચ્છાબાબા ) | ૧૭૧ |
| ૩૭ શ્રી સીમંધર જિન સ્તવન | ( મુ. શ્રી દક્ષવિજયજી ) | ૧૭૭ |
| ૩૮ ગુરુભક્તિ પદ | | ૧૭૭ |
| ૩૯ અતીત ચોવીશી મધ્યે વીશમા શ્રી ધર્મીશ્વર જિન સ્તવન–સાર્થ | ( ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ ) | ૧૭૮ |
| ૪૦ શ્રી નમિનાથ જિન સ્તવન | ( અમરચંદ માવજી શાહ ) | ૧૮૩ |
| ૪૧ જમાનાની બલિહારી | ( સાહિત્યપ્રેમી મુનિશ્રી વિનયવિજયજી ) | ૧૮૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨. ગદ્ય વિભાગ.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષનું મંગળમય વિધાન | ( ફતેહચંદ ઝવેરભાઇ ) | ૧ |
| ૨ | વિક્રમની વીસમી સદીની સાહિત્યપ્રવૃત્તિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા ) | ૧૧ |
| ૩ | પેન્સીલ્વાનીયા યુનીવરસીટીના સંસ્કૃત પ્રોફેસરનો મુનિ શ્રી જંબુસ્વામી ઉપર પત્ર | ( ડબલ્યુ નોરમન બ્રાઉન. ) | ૧૪ |
| ૪ | જ્ઞાન પ્રકાશનની સંસ્થાઓ અને તેનું કાર્યક્ષેત્ર | ( પ્રાણજીવનદાસ હરગોવિંદ ગાંધી. ) | ૧૮ |
| ૫ | અંતરની ઝંખના | ( સંઘવી ભવાનભાઇ પ્રાગજી ) | ૨૧ |
| ૬ | અરાઢ નાતરાંનો અધિકાર અને કુબેરદત્ત કુબેરદત્તાની કથની | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા ) | ૨૪, ૩૭ |
| ૭ | વ્યાપારનીતિશતક | ( અમરચંદ માવજી શાહ ) | ૨૮, ૭૪, ૧૨૪, ૧૩૮, |
| ૮ | પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને મુનિરાજ શ્રી સાહિત્યપ્રેમી કવિવર વિનયવિજયજીએ પૂછેલા પ્રશ્નોત્તર | | ૩૦ |
| ૯ | પેન્સીલ્વાનીયા યુનીવરસીટીના પ્રોફેસરનો મુનિ શ્રી જંબુસ્વામી ઉપરનો પત્ર | | ૩૨ |
| ૧૦ | અનુકંપા દાન | ( સંઘવી ભવાનભાઈ પ્રાગજી ) | ૩૯, ૫૫, ૭૨ |
| ૧૧ | શ્રી સિદ્ધચક્રજીનું અપૂર્વ મહાત્મ્ય | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી ) | ૪૨ |
| ૧૨ | જાપાનના ઓકુયુરાયામા ઇન્સ્ટીટ્યુટના હજિમે નકમુરનો મુનિ શ્રીજંબુવિજય ઉપરનો પત્ર | | ૪૮ |
| ૧૩ | નેમિનાથ મોટા કે રથનેમિ ? | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા ) | ૫૨, ૬૮ |
| ૧૪ | સાત્વિક પૂજાનું મહાપર્વ | ( પં. શ્રી કનકવિજયજી ગણિવર્ય ) | ૫૮ |
| ૧૫ | ધર્મ–કૌશલ્ય | ( સ્વ. મૌક્તિક ) | ૭૧ |
| ૧૬ | જ્ઞાનભંડારોની સમૃદ્ધિ | ( મુનિ પુણ્યવિજયજી મ. ) | ૭૬ |
| ૧૭ | શ્રાવક | ( સંઘવી ભવાનભાઇ પ્રાગજી ) | ૭૮ |
| ૧૮ | 'સંસાર–દાવાનલ' સ્તુતિ અને તેની પાદપૂર્તિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા ) | ૮૭, ૧૦૧ |
| ૧૯ | મતિવિભ્રમ | ( પુ. મુનિ શ્રી મહાપ્રભવિજયજી ) | ૯૦ |
| ૨૦ | ડૉ. વાલ્થેર શુબ્રીંગના અંગ્રેજીમાં લખાયેલ પત્રનો અનુવાદ | | ૯૪ |
| ૨૧ | ડૉ. આલ્સડોર્ફના સંસ્કૃતમાં લખાયેલ પત્રનો અનુવાદ | | ૯૪ |
| ૨૨ | જૈન આત્માનંદ સભા ભાવનગરનો ૫૭ મા વર્ષનો રિપોર્ટ | | ૧ થી ૧૨ |
| ૨૩ | માનવતા | ( મુનિ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ ) | ૯૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૪ નિંદા કરનારાઓનું પણ સન્માન કરો ( ભવાનભાઇ પ્રાગજી સંઘવી ) ૧૦૬
૨૫ ગૃહસ્થપણું ( જિજ્ઞાસુ મુનિરાજ ) ૧૦૯
૨૬ અજિત સુક્તમાળા ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) ૧૧૮
૨૭ સંસાર વૈચિત્ર્ય ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) ૧૨૦
૨૮ દેખવું ય નહિ અને દાઝવું ય નહિં ( ,, ,, ) ૧૨૩
૨૯ સુભાષિત સંગ્રહ ( સુધાકર ) ૧૩૭
૩૦ ધર્મ કૌશલ્ય ( ર૧૦ મૌક્તિક ) ૧૩૬, ૧૭૩
૩૧ પરિગ્રહ ૧૪૦
૩૨ સોનેરી સુવાક્યો ( અચ્છાબાબા ) ૧૪૧, ૧૪૨, ૧૭૦, ૧૭૧
૩૩ તપ. ( જિજ્ઞાસુ મુનિરાજ ) ૧૪૧
૩૪ સંસારની ભીષણતા યાને અજ્ઞાનનો અંજામ ( પૂ. મુનિશ્રી મહાપ્રભવિજયજી ) ૧૫૦
૩૫ સાધુ જીવનની મહત્તા ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) ૧૫૩
૩૬ દસ દસાર ( દશાર્હ ) ( પ્રો. હીરાલાલ ર. કાપડીયા ) ૧૬૨
૩૭ શ્રી શત્રુંજયલઘુકલ્પનું ભાષાંતર ( હીરાચંદ સ્વરૂપચંદ સુખડીયા ) ૧૬૮
૩૮ આટલું તો જરૂર વાંચો ( સં. અચ્છાબાબા ) ૧૭૧
૩૯ નીતિનું ફળ ( મુનિશ્રી મહાપ્રભવિજયજી ) ૧૭૨
૪૦ અલંકાર ચૂડામણિ વિવેક અને સંકેત ( હીરાલાલ ર. કાપડિયા ) ૧૮૦
૪૧ માનવ જીવનનો મર્મ ( ભવાનભાઇ પ્રાગજી સંઘવી ) ૧૮૩
૪૨ અંતરના ચમકારા ( અમરચંદ માવજી શાહ ) ૧૮૫


## ૩ સ્વીકાર સમાલોચના


૧ સ્વીકાર સમાલોચના ૧૫, ૪૬, ૪૭, ૬૩, ૬૪, ૮૦, ૮૧, ૯૬, ૧૧૨, ૧૨૮, ૧૪૩, ૧૪૪, ૧૬૦, ૧૭૫, ૧૮૭.


## ૪ વર્તમાન સમાચાર


૧ વર્તમાન સમાચાર ૧૬, ૩૧, ૪૭, ૬૨, ૭૮, ૭૯, ૯૬, ૧૧૧, ૧૪૨, ૧૫૯, ૧૭૪, ૧૭૬, ૧૮૮.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જલદી મંગાવો. ફરીથી છપાવી શકાતું નથી.

# શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર)

## ( શ્રી અમરચંદ્રાચાર્યકૃત )

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન-મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે. બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, દઢશ્રદ્ધા પ્રકટે, કંટાળો ન ઉપજે સહેલાઇથી મનન કરી કંઠાગ્ર થઇ શકે અને મોટી ઉંમરે પણ તે ભૂલી ન શકે. આવા સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયા છે અને તેવો આ ગ્રંથ છે. જેમાં જોઇએ તેટલું અને કંઠાગ્ર થઇ શકે તેટલું જ ચરિત્રનું વર્ણન આપવામાં આવેલું છે. સુંદર, સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખદર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દૃશ્ય ફોટો આવેલ છે. ગ્રંથની શરૂઆતમાં પૂજ્ય શ્રી હરિભદ્રાચાર્યકૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના વિવિધ રંગના ફોટાઓ, ઈન્દ્ર મહારાજની ભક્તિ અને નિર્વાણભૂમિના રંગીન દૃશ્યો, પછી પરમાત્માના ચરિત્રો, વચમાં શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશી એ સર્વ મૂળ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઈડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ઉંચી જાતના પેપરો ઉપર તૈયાર કરવામાં આવેલ તૈયાર છે. કિંમત રૂા. ૬-૦-૦ ( પોસ્ટેજ જુદું. )

---

### કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-

# શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઈને સુંદર કાર્ય કરાવતાં ઘણો મોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦), બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું.

**પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

### ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસો ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂ. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય—અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂ. ૪-૮-૦ પોસ્ટેજ જુદું.

લખો:—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## શ્રી કથારત્નકોષ ( ભાષાંતર દ્વિતીય અંશ )

### કર્તા—શ્રી દેવભદ્રાચાર્ય મહારાજ.

જેમાં સમ્યક્ત્વના તેત્રીશ સામાન્ય ગુણો, પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણોનું સુંદર-સરલ ગુણદોષના નિરૂપણ તથા વર્ણન, તેને લગતી પ્રાસંગિક, મૌલિક, અનુપમ નહિં જાણેલી, સાંભળેલી, વાંચેલી, નવીન પચાસ કથાઓ અન્ય અનેક અંતર કથાઓ અને સત્પુરુષોના માર્ગો ઋતુ, ઉપવન, રાજ્ય લક્ષણો, સામુદ્રિક તેમ જ વ્યવહારિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે અનેક વિષયો દેવ, ગુરુ, ધર્મ, જિનપૂજા વગેરેના સ્વરૂપો અને વિધાનોનું વર્ણન વગેરે અનેક વિષયો આવેલા છે. આ બીજા ભાગમાં બાકીના તેર સમ્યકત્વના અને સતર પંચઅણુવ્રતના મળી કુલ ત્રીશ ગુણોનું કથાઓ સહિત વર્ણન આપવામાં આવ્યું છે. સારા કાગળો સુંદર ગુજરાતી અક્ષરોથી **આ સભાના માનવંતા પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે ભેટ આપવા** આ ગ્રંથ છપાય છે. સુમારે ચાલીસ ફોર્મ ક્રાઉન આઠ પેજી લગભગ ચારસો પૃષ્ઠમાં તૈયાર થશે. આસો વદી ૦)) **સુધીમાં નવા થનારા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને પણ ભેટ આપવામાં આવશે.** કિંમત સુમારે રૂા. નવ થશે,

---

છપાય છે **જ્ઞાન પ્રદીપ ( ત્રણે ભાગ સાથે ) સંપૂર્ણ** છપાય છે

**લેખક—સદ્‌ગત શાંતમૂર્તિ વિદ્વાન આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.**

જૈન-જૈનેતર અલ્પજ્ઞ દરેક મનુષ્યથી પણ સરલ રીતે સમજી શકાય, તેમજ ઉચ્ચ સંસ્કારી જીવન કેમ જીવી શકાય અને જીવનમાં આવતાં અનેક સુખ, દુઃખના પ્રસંગોએ સમચિત્ત કેવી પ્રવૃત્તિ આદરી શકાય. તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે અચૂક માર્ગદર્શક, કપરા વર્તમાન કાળમાં સાચું સુખ, સાચી શાંતિ, આપનાર, અહિંસા અને સર્વ પ્રત્વે ભ્રાતૃભાવ ઉત્પન્ન કરાવનાર, નિરંતર પઠન, પાઠન માટે અતિ ઉપયોગી શાસ્ત્રોના અવગાહન અને અનુભવપૂર્ણરીતે સદ્‌ગત આચાર્ય મહારાજે લખેલો આ સુંદર ગ્રંથ છે. શ્રી પાલનપુર શ્રીસંઘના ઉપર આચાર્ય મહારાજે કરેલા ઉપકાર માટે ગુરુભક્તિ નિમિત્તે અને સ્મરણાર્થે થયેલા ફંડની આર્થિક સહાયવડે આ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં આકર્ષક બાઇંડીંગ સાથે છપાય છે, જે થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ સભાના પેટ્રન થઈ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથી પેટ્રન થનાર મહાશયોને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—( સચિત્ર ) | કિં. રૂા. ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંદી ભાષાંતર | ,, ,, ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨-૦-૦ |
| | જૈન મતકા સ્વરૂપ | ભેટ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦-૦-૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર ) | ,, ,, ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્તવાદ | ,, ,, ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦-૮-૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | ,, ,, ૭-૮-૦ |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨-૦-૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧-૦-૦ |
| | | રૂા. ૮૬-૦-૦ |

સં. ૨૦૧૦ માં આપવાના ભેટના પુસ્તકો તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

એકાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યા લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ
તા. ૧૩-૧-૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩ }

**શ્રી જૈન આત્માનંદ સભા.**
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only